# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


PGVCL

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૧/ № 0049 તા.

રજી. એ.ડી. દ્વારા

12 JUL 2021

પ્રતિશ્રી,
શ્રી જાદવજી દેવજી રામજી વાઘજીયાણી,
ગામ-મેઘપર,
તા- ભુજ -કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૭૧૨૦ ૪૨૮૭૬

વિષય:- કેસ નંબર પીજી૦૪/૦૦૩/૨૦૨૦-૨૧

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૩/૨૦૨૦-૨૧

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. હાલના સમયમાં કોરોના મહામારીનો સમય ચાલે છે તેથી આપનો આ ચુકાદો આપવામાં ઢીલ થયેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભૂજ.

બિડાણ ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, દહીંસરા

....... ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, પી.જી.વી.સી.એલ., ભુજ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-003-2020-21.

અરજદાર : શ્રી જાદવજી દેવજી રામજી વાઘજીયાણી
ગામ-મેઘપર તા.-ભુજ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર : અરજદાર શ્રી હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી

રજૂઆત કરનાર : ૧) શ્રી જે.એચ.તલાટી, કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ : ૨૫/૦૨/૨૦૨૧

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી જાદવજી દેવજી રામજી વાઘજીયાણી ગામ- મેઘપર – દહીંસરા પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ખેતી વિષયક વિજ કનેક્શન ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી ગામ- મેઘપરના સર્વે નં-૬૧માં ૫૦ એચ.પી.નું દહીંસરા પેટાવિભાગીય કચેરી, માંડવી વિભાગીય કચેરી હેઠળ ખેતી વિષયક વિજજોડાણ ધરાવે છે. અરજદારશ્રી સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬ (નવા બોરમાં)માં વીજજોડાણને શીફ્ટીંગ ની મંજૂરી આપવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૩ અરજદારશ્રીની રજુઆત મુજબ વર્ષ ૧૯૮૮માં સર્વે નં-૬૧માં હાલ ઉપલબ્ધ આધારો મુજબ તેઓશ્રીના સ્વર્ગીય પિતાશ્રી દેવજી રામજી વાઘજીયાણીના નામે ૩૦ એચ.પી.નું માંડવી વિભાગીય કચેરી હેઠળ આવતી દહીંસરા પેટા વિભાગીય કચેરીએ અરજી કરવમાં આવેલ. જે અન્વયે દહીંસરા પેટા વિભાગીય કચેરી દ્વારા વર્ષ ૧૯૯૦માં સદર વીજ જોડાણ આપવામાં આવેલ છે.

૧.૪ અરજદારશ્રીની રજુઆત મુજબ, ત્યારબાદ સદર સ્થળે તેઓએ કરેલ લોડ વધારાની માંગણી મુજબ તેઓશ્રીના પિતાશ્રીના નામે દહીંસરા પેટા વિભાગીય કચેરી દ્વારા ૩૦+૫, ૩૫+૧૦, ૪૫+૫ એમ કુલ્લ ૫૦ એચ.પી.નો લોડ વધારો માન્ય કરેલ છે.

૧.૫ અરજદારશ્રીની રજુઆત મુજબ સર્વે નં-૬૧માં બોરમાં અપૂરતું ખેતીલાયક પાણી હોતા અરજદારશ્રી એ તેઓશ્રીના પિતાશ્રીના નામે, સરકારશ્રી માંથી ૦૨ ગુંઠા જમીન બોર અર્થે સર્વે નં.૧૨૪/પી.૭૬ માં મંજુર કરાવેલ છે.

૧.૬ અરજદારશ્રીની રજુઆત મુજબ તા.૧૦/૧૦/૨૦૦૬ના રોજ અરજદારશ્રીના પિતાશ્રીનું અવસાન થતા તેઓશ્રી દ્વારા જુલાઈ ૨૦૨૦માં દહીંસરા પેટાવિભાગીય કચેરીએ સદર વીજજોડાણ દેવજી રામજી થી જાદવજી દેવજીના નામ બદલી કરાવેલ છે.

૧.૭ ઉપરોક્ત સંપૂર્ણ કાર્યવાહી થયાબાદ અરજદારશ્રી દ્વારા જરૂરી આધારો સાથે સર્વે નં-૬૧ (જુના બોર)થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬ માં દહીંસરા પેટાવિભાગીય કચેરીએ સદર વીજ્જોડાણ શીફ્ટીંગ ની અરજી કરવામાં આવેલ.

૧.૮ અરજદારશ્રીની રજુઆત મુજબ ૧૯૮૮થી આજદીન સુધી સ્થળ તેમજ રેકર્ડમાં કોઈ ફેરફાર થયેલ ન હોવા છતાં દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા વીજ્જોડાણ શીફ્ટીંગની અરજી માન્ય રાખેલ નથી.

૧.૯ આમ, અરજદારશ્રી દ્વારા વીજ્જોડાણ શીફ્ટીંગની અરજી માન્ય રાખવા બાબતે યોગ્ય ન્યાય આપવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જાદવજી દેવજી રામજી વાઘજીયાણી ગામ- મેઘપર – દહીંસરા પેટાવિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ખેતી વિષયક વિજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રીનું ગામ- મેઘપરના સર્વે નં-૬૧માં ૫૦ એચ.પી.નું ગ્રાહક નંબર ૩૯૦૦૫/૦૦૩૨૫/૧ દહીંસરા પેટાવિભાગીય કચેરી, માંડવી વિભાગીય કચેરી હેઠળ ખેતીવિષયક વીજજોડાણ ધરાવે છે.

૨.૨ અરજદારશ્રીના સ્વર્ગીય પિતાશ્રી દેવજી રામજી વાઘજીયાણી દ્વારા વર્ષ ૧૯૮૮માં દહીંસરા પેટા વિભાગીય કચેરીએ ૩૦ એચ.પી.નું ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ, જે વીજજોડાણ ૧૯૯૦માં પીજીવીસીએલ કચેરી દ્વારા આપવામાં આવેલ છે.

૨.૩ ત્યારબાદ સદર જગ્યાએ અરજદારશ્રીના સ્વર્ગીય પિતાશ્રી દેવજી રામજી વાઘજીયાણીની લોડ વધારાની માંગણી અન્વયે દહીંસરા પેટા વિભાગીય કચેરી દ્વારા ૫૦ એચ.પીનું વીજજોડાણ મંજુર કરવામાં આવેલ.

૨.૪ અરજદારશ્રીના પિતાશ્રીનું અવસાન થતા જુલાઈ ૨૦૨૦માં સદર કનેક્શન અરજદારશ્રી દ્વારા નામ બદલી કરાવીને દેવજી રામજી થી જાદવજી દેવજીના નામે કરવમાં આવેલ છે.

૨.૫ સર્વે નં-૬૧માં બોરમાં અપૂરતું ખેતીલાયક પાણી હોવાથી, અરજદારશ્રીએ તેઓશ્રીના પિતાશ્રીના નામે, સરકારશ્રી માંથી ૦૨ ગુંઠા જમીન બોર અર્થે સર્વે નં.૧૨૪/પી.૭૬ માં મંજુર કરાવેલ અને જરૂરી આધારો સાથે સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬માં દહીંસરા પેટાવિભાગીય કચેરી વીજજોડાણ શીફ્ટીંગ માટેની અરજી કરેલ છે.

૨.૬ દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીની સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬માં દહીંસરા પેટાવિભાગીય કચેરી વીજજોડાણ શીફ્ટીંગ ની અરજી માન્ય રાખવામાં આવેલ છે.

૨.૭ આમ, દહીંસરા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીની સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬ માં કને.શીફ્ટીંગ ની કાર્યવાહી સંતોષકારક રીતે કાર્ય પૂર્ણ કરેલ છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી જાદવજી દેવજી રામજી વાઘજીયાણી ગામ- મેઘપર – સર્વે નં-૬૧માં ૫૦ એચ.પી.નું ગ્રાહક નંબર ૩૯૦૦૫/૦૦૩૨૫/૧ દહીંસરા પેટાવિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ખેતી વિષયક વીજજોડાણ ધરાવે છે.

3.૨ અરજદારશ્રીના સ્વર્ગીય પિતાશ્રી દેવજી રામજી વાઘજીયાણી દ્વારા વર્ષ ૧૯૮૮માં દહીંસરા પેટાવિભાગીય કચેરીએ ૩૦ એચ.પી.નું ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ. જે વીજજોડાણ વર્ષ-૧૯૯૦માં પીજીવીસીએલ કચેરી દ્વારા આપવામાં આવેલ ત્યારબાદ સદર વીજજોડાણમાં લોડ વધારાની

અરજદારશ્રીની માંગણી અન્વયે દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા ૫૦ એચ.પીનું વીજજોડાણ મંજુર કરવામાં આવેલ.

3.3 સર્વે નં-૬૧માં બોરમાં અપૂરતું ખેતીલાયક પાણી હોતા. અરજદારશ્રીએ તેઓશ્રીના પિતાશ્રીના નામે, સરકારશ્રી માંથી ૦૨ ગુંઠા જમીન બોર અર્થે સર્વે નં.૧૨૪/પી.૭૬ માં મંજુર કરાવેલ અને જરૂરી આધારો સાથે સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬માં દહીંસરા પેટાવિભાગીય કચેરી વીજજોડાણ શીફ્ટીંગ ની અરજી કરેલ છે.

૩.૪ દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીની સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬માં દહીંસરા પેટાવિભાગીય કચેરી વીજજોડાણ શીફ્ટીંગ ની અરજી માન્ય રાખવામાં આવેલ છે.

૩.૫ આમ, દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીની સર્વે નં-૬૧ (જુના બોર) થી સર્વે નં. નં.૧૨૪/પી.૭૬ માં વીજજોડાણ શીફ્ટીંગની કાર્યવાહી સંતોષકારક રીતે કાર્ય પૂર્ણ કરેલ છે.

૩.૬ આમ, પીજીવીસીએલ દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થયેલ.અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ દહીંસરા પેટાવિભાગીય કચેરીમાં તા.૨૩/૦૨/૨૦૨૧ના રોજ સમાધાનપત્ર(પુરશીશ) આપવામાં આવેલ છે, અને અરજદારશ્રી દ્વારા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૩.૭ આમ, અરજદારશ્રીની ફરિયાદનું પીજીવીસીએલ દહીંસરા પેટાવિભાગીય કચેરી દ્વારા નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ હુકમ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમને કરવાનો રહેતો નથી.

Joshi Nitinbhai
એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

સી.વી. ઠક્કર
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-04-003-2020-21